જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૧/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૪૬/૨૦૨૫**

બાપુનગરઃ મહેન્દ્ર બબનરાવ પવાર (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ ગાયત્રી મંદિર પાછળ બાપુનગર) એ તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૧૧/૨૦૨૫ સવારના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૮૧,૦૦૦/– અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૧,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયદિપભાઈ મેલાભાઈ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૬૪૭/૨૦૨૫**

વટવા જીઆઈડીસીઃ મહેન્દ્રસિંહ રામસિંહ પઢીયાર (ઉ.વ.૩૬) (રહે. ગામ–નવા સિહોર તા–સાવલી જી–વડોદરા) નાઓ તા.૨૧/૧૧/૨૦૨૫ કલાક ૦૯/૦૦ વાગ્યાના સુમારે વટવા જીઆઈડીસી ફેઝ–૦૨ અહમદાબાદ પેકેજીંગ ઈન્ડસ્ટીંગ લીમીટેડ કંપનીના લોડીંગ ખુલ્લી લીફટમાં માલ–સામાન ફેરવવાનુ કામ કરતા હતા ત્યારે આકસ્મીક રીતે તેમનું માથું લીફટ બહાર લાગેલ લોખંડની એંગલમાં આવી જતા માથામાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૪૮/૨૦૨૫**

ચાંદખેડાઃ સુશીલભાઇ દિપકભાઇ બલસારી (ઉ.વ.૩૮) (રહે. આબુગીરી સોસાયટી, નાકોડા,જગતપુર)એ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૨૦૨૫ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પાર્થ પ્રતાપભાઇ ચલાવે છે.

રામોલઃ પિયુષભાઇ ગણપતભાઇ પટેલ (ઉ.વ.૩૩) (રહે. સંત વિલા ફલેટ ઓમ સર્કલ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નરેન્દ્ર દાજીરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી